જ્યારે મને મેઅરાજ કરાવવામાં આવી, તો હું એવા લોકો પાસેથી પસાર થયો, જેમના નખ તાંબાના હતા, જેનાથી તેઓ પોતાના ચહેરા અને છાતીઓ ચીરી રહ્યા હતા

અનસ બિન્ માલિક રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેમણે કહ્યું: આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «જ્યારે મને મેઅરાજ કરાવવામાં આવી, તો હું એવા લોકો પાસેથી પસાર થયો, જેમના નખ તાંબાના હતા, જેનાથી તેઓ પોતાના ચહેરા અને છાતીઓ ચીરી રહ્યા હતા, મેં
પૂછ્યું: હે જિબ્રઇલ! આ લોકો કોણ છે?, જિબ્રઇલે કહ્યું: આ તે લોકો છે, જેઓ લોકોના માંસ (ગિબત) ખાતા હતા અને તેમની આબરૂ સાથે રમત કરતા હતા».
[હસન] [આ હદીષને ઈમામ અબૂ દાવૂદ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

આ હદીષમાં આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ જણાવ્યું: જ્યારે ઇસ્રાની રાત્રીમાં મને ઉપર મેઅરાજ કરાવવામાં આવી, તો હું એવા લોકો પાસેથી પસાર થયો જેમના નખ તાંબાના હતા, જેના દ્વારા તેઓ પોતાના ચહેરા અને છાતીઓને ચીરી રહ્યાં હતાં, આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ જિબ્રઇલ અલૈહિસ્ સલામને સવાલ કર્યો: આ લોકો કોણ છે, જેમને આટલો સખત અઝાબ થઈ રહ્યો છે? જિબ્રઇલ અલૈહિસ્ સલામએ કહ્યું: આ લોકો દુનિયામાં લોકોની ચાડી કરતા હતા, અને તેમની આબરૂ સાથે રમત એટલે કે તેમને બદનામ કરતા હતા.

http://sunnah.global/hadeeth/gu/show/4229